ક્રમાંક : જીઆઈડીસી / ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/ પોલીસી /૯૮ / ૧૯
જીઆઈડીસી, ઉધોગભવન, ગાંધીનગર
તા.૨૧/૦૮/૨૦૧૨.

## // પરિપત્ર //

**વિષય : વિવિધ વસાહતોમાં ચોકકસ હેતુઓ માટે વિતરણ થયેલા પ્લોટોનાં હેતુફેર બાબતે અગાઉના અનિર્ણીત કિસ્સાઓ પુનઃ જીવીત કરી હેતુફેરની મંજુરી આપવા બાબતઃ**

નિગમની તારીખ ૧૧/૭/૨૦૧૨ અને તા. ૧૬/૭/૨૦૧૨ ના રોજ મળેલ ૪૬૬મી સભા સમક્ષ રજુ કરવામાં આવેલ કાર્યસુચિની સમીક્ષા દરમ્યાન નિગમનાં નિયામક મંડળ ધ્વારા ઠરાવ ક્રમાંકઃ ૬૫/વિતરણ/૪૬૬/૨૦૧૨ થી હેતુફેરની ઔદ્યોગિક પ્લોટમાંથી વાણીજય તરીકેની મંજુર કરવાની નીતી જે અગાઉ અમલમાં હતી અને જેને તા. ૨૪/૬/૨૦૧૦ ના રોજ બંધ કરવામાં આવેલ, તે નીતિ અન્વયે જો કોઈ ફાળવણીદારે તા. ૨૪/૬/૨૦૧૦ પહેલા પોતાના ઔદ્યોગિક પ્લોટમાંથી વાણીજયમાં હેતુફેર માટે રજુઆત કરેલ હોય, પરંતુ નિગમ ધ્વારા હેતુફેરની નીતિ બંધ કરેલ હોવાથી તેઓની અરજી ઉપર નિર્ણય થઈ શકેલ ન હોય અને જો આવા ફાળવણીદાર નિગમને તેમની અગાઉની અરજી પુનઃ જીવીત કરી હેતુફેર કરવા રજુઆત કરે અને જો આવા ફાળવણીદાર નિગમને તેમની અગાઉની અરજી પુનઃ જીવીત કરી હેતુફેર કરવા રજુઆત કરે અને જો તેઓની અરજી અગાઉના હેતુફેરની નીતિ અંર્તગત સંપૂર્ણપણે સ્વીકારવાપાત્ર હોય તો તેવા કિસ્સામાં નિગમના ઉપા. અને વહી. સંચાલક ગુણદોષના આધારે હેતુફેરની મંજુરી આપી શકશે.

આ બાબતે પડતર કિસ્સાઓનાં ફાળવણીદાર ધ્વારા રજુઆત મળે તો તેવા સંજોગોમાં ક્ષેત્રીય કચેરીઓએ અગાઉના પડતર કિસ્સાઓમાં વિગતવાર દરખાસ્ત સાથે નિર્ણય અર્થે વડી કચેરીએ મોકલી આપવાના રહેશે.

આ પરિપત્ર મળ્યા અંગેની પહોંચ કાર્યપાલક નિયામકશ્રી (વિતરણ) ના નામજોગ પાઠવવી.

સહી/-

**ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક**

પ્રતિ,

- નિગમનાં તમામ અધિકારીશ્રીઓ તરફ.
- પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
- નિગમની તમામ વસાહતોના માન્ય ઔધોગિક મંડળોના પ્રમુખશ્રીઓ તરફ જાણસારૂ.
- મેનેજરશ્રી ( એસ.એન્ડ એ.), જીઆઈડીસી, ગાંધીનગર તરફ સદર પરીપત્ર નિગમની વેબસાઈટ ઉપર દર્શાવવાની કાર્યવાહી કરવા સારૂ.

રવાના કર્યુ

M Nathani
૨૧/૮

જનરલ મેનેજર ( ઈ એન્ડ એ )